# Phone call between Prime Minister Shri Narendra Modi and H.E. Paul Kagame, President of Rwanda

June 05, 2020

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને રવાન્ડાનાં રાષ્ટ્રપતિ મહામહિમ પૌલ કાગામે વચ્ચે ફોન પર વાતચીત

જૂન 05, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રવાન્ડાનાં રાષ્ટ્રપતિ મહામહિમ પૌલ કાગામે સાથે ફોન પર વાતચીત કરી હતી. વડાપ્રધાને 2018 માં રવાન્ડાની પોતાની યાદગાર મુલાકાત પછી દ્વિપક્ષીય જોડાણોમાં હાંસલ કરેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો. રવાન્ડાનાં રાષ્ટ્રપતિએ 2018 ની મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી દ્વારા ભેંટ આપવામાં આવેલી 200 ભારતીય ગાયોને સ્નેહપૂર્વક યાદ કરી હતી, અને સમજાવ્યું હતું કે તેઓએ રવાન્ડાનાં બાળકો માટે દૂધની ઉપલબ્ધતામાં વધારો કરવામાં મદદ કરી હતી અને ખેડૂતોની આવકમાં પણ વધારો કર્યો હતો.

નેતાઓએ કોવિડ-19 મહામારી દ્વારા તેઓનાં આરોગ્ય તંત્રો અને અર્થતંત્રોમાં ઉભા થયેલા પડકારોની ચર્ચા કરી હતી. તેઓએ આ કટોકટીનું વ્યવસ્થાપન કરવા માટે અને નાગરિકોની સુખાકારી સુનિશ્ચિત કરવા માટે તેઓનાં સંબંધિત દેશોમાં લેવામાં આવેલા પગલાઓ વિશે માહિતીની આપલે કરી હતી. નેતાઓ વર્તમાન કટોકટીમાં એકબીજાનાં દેશોમાં વસતા તેઓનાં નાગરિકોને તમામ સંભવિત સહાયતા પ્રદાન કરવા સંમત થયા હતા.

વડાપ્રધાને રવાન્ડાનાં રાષ્ટ્રપતિને તબીબી સહાયતા મારફત સહિત કોરોનાવાઇરસનો સામનો કરવા માટેનાં રવાન્ડાનાં પ્રયાસોમાં ભારત તરફથી મક્કમ સહાયતાની ખાતરી કરવામાં આવી હતી. તેણે રાષ્ટ્રપતિ કાગામેની આગેવાનીમાં કટોકટીનાં અસરકારક વ્યવસ્થાપનની અને આ પડકારનો સામનો કરવામાં રવાન્ડાનાં લોકોનાં મક્કમ નિર્ધારની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાને વર્તમાન કટોકટીમાં રવાન્ડાનાં લોકોનાં આરોગ્ય અને સુખાકારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**જૂન 05, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.